પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાસહાયક યોજના માટે પસંદગીના ધોરણ નિયત કરવા બાબત..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૦૮-સીસી-૧૦૧૧-ક
સચિવાલય,ગાંધીનગર.
તા. 22 APR 2010

વંચાણે લીધાઃ-

(૧) શિ.વિ.નો તા.૮-૬-૭૩નો ઠરાવ ક્રમાંકઃ પીટીઆર-૧૦૮૦-૧૫૦૪૧-ક
(૨) શિ.વિ.નો તા.૧૯-૭-૮૯નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૩૯૮-૧૭૨૮-ક
(૩) શિ.વિ. નો તા.૧૧-૬-૯૮નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
(૪) શિ.વિ.નો તા.૨૧-૬-૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
(૫) શિ.વિ.નો તા.૧-૪-૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૭-૧૦૧૯-ક
(૬) ના. હાઇકોર્ટનો તા.૨૨-૮-૮નો સ્પે.સી.એ.નં.૧૦૩૧૭/૦૮નો ઓરલ ઓર્ડર.

**ઠ રા વ :-**

રાજયની પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા માટે સંદર્ભ ક્રમાંક (૧) અને (૨)માં જણાવેલ ઠરાવથી પ્રાથમિક શાળાઓમાં ઉપલા ધોરણમાં વિષય શિક્ષક નિમવાની સંકલિત યોજના અમલમાં મુકવામાં આવેલ છે. ઉપરાંત સંદર્ભ-૩માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી કરવા અંગેની યોજના અમલમાં મુકી છે. સંદર્ભ-૧ અને ૨ માં જણાવેલ ઠરાવમાં નિયત કરવામાં આવેલ સંગીત શિક્ષકની જગ્યા માટેની લાયકાત સંદર્ભ-૫માં જણાવેલ ઠરાવથી સુધારવામાં આવતાં નામ. હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૦૩૧૭/૦૮ દાખલ કરવામાં આવેલ જેમાં આપવામાં આવેલ ઓરલ ઓર્ડરમાં કરેલ અવલોકનો અને સૂચનો બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણે હુકમો કરવાનું ઠરાવે છે.

(૧) સંદર્ભ-૫ થી પ્રજ્ઞાચક્ષુ અને સામાન્ય ઉમેદવાર માટે એક સમાન લાયકાત ધોરણ-૧૨ પાસ તથા સરકાર માન્ય સંસ્થામાંથી મેળવેલ સંગીત વિશારદની લાયકાત નિયત કરવામાં આવી છે, તેમાં નામ. હાઇકોર્ટે સંદર્ભ-૬માંના ઓરલ ઓર્ડરથી પ્રજ્ઞાચક્ષુ માટે અગાઉ સંદર્ભ-૫માંનો ઓર્ડર બહાર પાડતાં પહેલાં એકેડેમીક લાયકાત સિવાય માત્ર સંગીત વિશારદની લાયકાત નિયત કરવામાં

આવેલ હતી તેમાં સુધારો કરીને સામાન્ય ઉમેદવાર માટે જે એસ.એસ.સી. ને બદલે એચ.એસ.સી. કરવામાં આવી છે તેને સમકક્ષ રાખવામાં આવી છે તેને બદલે પ્રજ્ઞાચક્ષુ માટે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી ખાસ કન્સેશન આપી કંઇક અંશે ઓછી લાયકાત રાખવા સુચવેલ છે.

૨. નામ. હાઇકોર્ટના આદેશ અન્વયે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવી અને અગાઉ ભૂતકાળમાં જયારે ૧૯૭૩માં ખાસ વિષય શિક્ષક નિમવાની યોજના અમલમાં મુકવામાં આવી ત્યારે પ્રજ્ઞાચક્ષુ માટે રાજયના દરેક વિસ્તારમાં એકેડેમીક લાયકાત મેળવવા માટે પૂરતી જાગૃતિનો (awareness) અભાવ હતો તેમજ પ્રજ્ઞાચક્ષુઓ માટે શિક્ષણ આપતી સંસ્થાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ના હોવાથી પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારોમાં એકેડેમીક લાયકાતવાળા ઉમેદવારો જૂજ હોવાથી એકેડેમીક લાયકાત રાખવામાં આવી નહતી. પરંતુ હવે ધો.૧૨ પાસ અને સ્નાતક થયેલ પ્રજ્ઞાચક્ષુઓ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થઇ શકે તેમ હોવાથી સંદર્ભ-૫ થી જે એકેડેમીક લાયકાત નિયત કરવામાં આવી છે તે ચાલુ રાખવા ઠરાવેલ છે.

૩. ખાસ વિષય શિક્ષકની નિમણૂંક પ્રાથમિક શાળાના ઉપલા વર્ગોમાં તેમના ખાસ વિષય ઉપરાંતના વિષય પણ શીખવવાના હોય છે. જો ઉમેદવાર લઘુત્તમ લાયકાત ધો.૧૨ પાસ પણ ના હોય તો પ્રાથમિક શાળાના ઉપલા વર્ગના બાળકોને સારૂં શિક્ષણ આપી શકે નહિ, અને પ્રજ્ઞાચક્ષુઓ પ્રત્યે સહાનુભૂતિ રાખવાના હેતુસર તેમના હાથ નીચે ભણતા હજારો બાળકોના શિક્ષણ ઉપર વિપરીત અસર પડે તે સંજોગોમાં બાળકોના શિક્ષણના ભોગે પ્રજ્ઞાચક્ષુઓ પ્રત્યે સહાનૂભૂતિ રાખી તેમના હિતમાં નિર્ણય લઇ શકાય નહિ. આ સંજોગોમાં સંદર્ભ-૫માં નિયત થયેલ લાયકાત પ્રજ્ઞાચક્ષુઓના કેસમાં પણ ચાલુ રાખવાનું ઠરાવેલ છે. નામ. હાઇકોર્ટે સંદર્ભ-ક્રમાંક(૬) સાથેના ઓરલ ઓર્ડરથી પ્રજ્ઞાચક્ષુઓ માટે સંગીત વિષયના વિદ્યાસહાયકની ભરતીમાં ૧૦૦ ટકા અનામતની જોગવાઇ હતી તે રદ કરી છે તે બરાબર છે, પરંતુ તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખી માનવીય ધોરણે વિચારણા કરી ૫૦ ટકાથી વધે નહિ તેટલી અનામત રાખવા સુચવેલ છે. પરંતુ ઉપરના ફકરામાં જણાવ્યાનુસાર પ્રાથમિક શાળાના ઉપલા વર્ગોમાં સંગીત વિષયના વિદ્યાસહાયકોએ પણ સામાન્ય વિષય ભણાવવા ફરજીયાત છે. જે ભણાવવા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાસહાયકો/ પ્રાથમિક શિક્ષકો મોટેભાગે અસમર્થ છે, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષકોની ભરતીને કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર વિપરીત અસર પડે છે તે સંજોગોમાં સરકારને આવા પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારો માટે સંગીત વિષયના વિદ્યાસહાયકની ભરતીમાં પ્રાથમિક શાળાના

વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે ખાસ અનામત રાખવી હિતાવહ જણાતી નથી. પરંતુ સા.વ.વિ.ના તા.૧૯-૨-૨૦૦૦ના ઠરાવથી જે અનામતની ટકાવારી વિકલાંગો માટે નિયત કરેલ છે તેથી વિશેષ ટકાવારી રાખવાનું હિતાવહ ન હોઇ, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯-૨-૨૦૦૦ના જાહેરનામા મુજબની ટકાવારી વિદ્યાસહાયકની ભરતીમાં વિકલાંગો માટે રાખવા ઠરાવે છે.

૪. આ ઠરાવ નામ. ગુજરાત હાઇકોર્ટ સ્પે.સી.એ.નં.૧૦૩૧૭/૨૦૦૮માં આપેલ ઓરલ ઓર્ડર અન્વયે અને ૨૦૦૮ની સંગીતના વિદ્યાસહાયકોની જાહેરાત સંદર્ભે બહાર પાડવામાં આવે છે. તથા સદર જાહેરાતને જ લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી. ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)

- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખા
- સિલેકટ ફાઇલ.